# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૬૫ • તા.૭ ઓગસ્ટ થી ૧૩ ઓગસ્ટ ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## મજબૂત સંગઠન શક્તિ
## દ્રઢ આત્મવિશ્વાસ
## પ્રબળ સંકલ્પ
## નવો જોમ
## અઢળક જુસ્સો



સેક્રેટરી જનરલ





મેનેજીંગ ટ્રસ્ટીઓ

# સમસ્ત મહાજનનું નવું ટ્રસ્ટ મંડળ

# જ્ઞાતિ સેવા માટે તત્પર

SAVIOUR®
Performing PPE

Sure Safety
Complete Safety Solutions

# COVID-19 OFFER

SPECIAL DISCOUNT
FOR ALL KDO
20% OFF

EN 166 FPSAV-F-SS



## COVID-19 Face Shield

NIOSH/EN 149-2001 + A1:2009/FFP2 RPSAV-N95



## N-95 Respirator

SITRA Approved BPSAV-VGS



## N-95 Respirator

EN 166 EYSAV-CHS-S



## Chemi Splash Small

*Offer Valid till Stocks last!!! at factory Prices.

## BOOK YOUR ORDER

## DEALERS WANTED

www.suresafety.com

healthcare@suresafety.com | onlinestore@suresafety.com

+91 9974901995 | +91 7229079494



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

-: સંપાદક ગણ :-
નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી

-: કાર્યાલય :-
પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું
Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# સ્વાર્થ સ્વને અંધ બનાવે છે

જીવન એ અર્થનો મહાસંગ્રામ છે, જે સ્વાર્થ અને નિ:સ્વાર્થ વચ્ચેનો છે. આ બંન્ને અર્થ વચ્ચેનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો મતલબ જોઈ બીજાની સાથે વ્યવહાર કરે છે. આ રાગ, અનુરાગ, મત અને મતાંતરની તો હઠ અને જડ માન્યતાની લડાઈ છે. સ્વાર્થની સંકુચિત ભાવના વ્યક્તિને ન કરવાનું કરાવે છે. સ્વાર્થએ સ્વનું લોભ છે જે વ્યક્તિઓને અંધ બનાવી તેને ન કરવાનું કરાવે છે. આ સ્વાર્થ વ્યક્તિ કે સંબધિત જણ સાથેનો સ્નેહ, પ્રેમ, લાગણી ભાઈબંધી જેવી ભાવનાનો પણ લોપ કરી માત્ર પોતાનું હિત આગળ વધારે છે.

સ્વાર્થ સંકુચિત ભાવનાનો વિસ્તાર કરાવે છે. જેમાં સગાઓનો સ્નેહ સૂકાઈ જાય છે, સ્નેહીઓ વચ્ચે ઊંચી દીવાલો ચણાઈ જાય છે. ગાઢ અને અતૂટ મૈત્રી તૂટીને જમીન દોસ્ત થાય છે. વર્ષોના વર્ષથી વિશ્વાસથી ચાલતા વ્યવહાર ખોડંગતા થઈ વેર વિખેર થઈ જાય છે. પહેલાં જેઓની દીર્ઘ દ્રષ્ટિ હતી તે હવે સીમિત દ્રષ્ટિથી જોતા થઈ જાય છે. પોતાના લાભ અને મતલબ સ્વાર્થ અને સ્વભાવના સિવાય તેને બીજું કંઈ દેખાતું નથી કે દેકાતું હોય છે. તે પ્રત્યે તેઓ તુચ્છ ભાવના દર્શાવી નજર અંદાજ કરે છે. આ ચતુરાઈનો ચક્રવ્યુહ એક દિવસ તેમને જ ચક્કરમાં લઈ તેનો વિનાશ કરે છે.

પોતાનો સ્વાર્થ સાકાર થાય એ માટે અસત્ય અનીતિ, દુરાચાર અને કપટનો આશરો લઈ પોતાનો કક્કો ખરો થાય એ હિતરાખીને પોતાના વર્તન ના વહાણનો સુકાન ફેરવે છે અને પોતે ધાર્યુ છે, જે નિર્ધાયુ છે તે કિનારે લાંગરે છે. આને તે સફળતા સમજે છે પણ એ પતનનો પાયો છે. એ તેને દેખાતું કે સમજાતું નથી તે માત્ર પોતાનો માર્ગ કંડારે છે. શ્રદ્ધા અને વિશ્વાસના તાંતણે આ જગતનો વ્યવહાર ચાલે છે. જ્યાં સત્ય સદાચાર અને સંનિષ્ઠભાવના પ્રર્વતે છે. ત્યાં ચિત પ્રસન્તા અનુભવે છે અને ત્યાંજ કોઈનો વિશ્વાસ બંધાય છે.

જિંદગીમાં સંબંધોનો સરવાળો કરીએ ત્યારે તેના લાભ ગુણાકાર થઈ આપણને પ્રાપ્ત થાય છે. પણ, સ્વાર્થ આ ગણિતને પણ ખોટા પાડી સંબધોના સરવાળાને ભાગાકારમાં બદલી કાઢી આપણું જ નુકસાન કરે છે. સ્વાર્થની સંકુચિત ભાવનાને લીધે જીવનમાં ઘણું બધું ગુમાવી દઈએ છીએ જેમાં સંબંધ, વિશ્વાસ, સ્નેહ, લાગણી મૈત્રી, મિલકત વિગેરે છે. નાની નાની વસ્તુઓના સ્વાર્થ પસંદ કરે એ તેની ટૂંકી સમજણ છે. સંકુચિત મનોવૃત્તિ મનોવૃતિ છે. પલ, શિક્ષિત, જ્ઞાની અને સમજુ ઈન્સાન જો આ રસ્તો અપનાવે એ તેની માટે અધોગતિનો પથ છે. જે આખરે તેને વિનાને આરે લઈ જાય છે. માટે વિચારવંત વ્યક્તિ નીતિમય પરોપકારી અને ઉદારવૃત્તિ ધરાવી આદર્શ આચાર ધર્મનું પાલન કરી પોતાના સંસ્કારનું સંવર્ધન કરી કલ્યાલ માગ કંડારેને જીવનને સાર્થક કરે.

– જ્ઞાતિમૈયા

# નવો ઉમંગ અને નવો ઉત્સાહ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે સમસ્ત મહાજનનું નવું ટ્રસ્ટ મંડળ નવી ટર્મ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધી માટે અસ્તિત્વમાં આવ્યું છે અને સહર્ષ પદભાર સંભાળી લીધું છે. ટૂંકમાં કહું તો આ ટ્રસ્ટ મંડળમાં અનુભવી ઠરેલ વડીલો અને તરવરીયા યુવાનોનું સમન્વય છે. જે વડીલોની આંખ અને યુવાનોની પાંખ દ્વારા જ્ઞાતિને નવી દિશા આપશે.

ગત ટર્મમાં થયેલા કાર્યોનું પૃથ્થકરણ કરીએ તો સારા અને ઉપયોગી નવા નવા કાર્યો અને યોજનાઓ શરૂ થઈ અને જ્ઞાતિજનોને માટે લાભદાયી થઈ છે.

જેમાં સૌ પ્રથમ મેડિકલ સમિતિની સંજીવની યોજના જેમાં સામાન્ય સ્થિતિના પરિવારની ઉપર અચાનક અણધારી રીતે આવતી બીમારીને લીધે ત્રાટકતી મુસીબત સમયે સરળતાથી અને સ્વમાનભેર મદદરૂપ બનતી યોજના જેમાં અત્યાર સુધી ૫૦ કેસમાં બે કરોડ જેટલું ભંડોળ ક્રાઉડ ફંડિગ દ્વારા ઊભું કરાઈને મદદરૂપ થઈ શકાયું છે અને સૌ કેસ સરળતાથી સુખરૂપ સારા ડોક્ટરોની સારવાર, અદ્યતન હોસ્પિટલમાં મેળવી સ્વસ્થ થઈ પોતાના ઘરે ગયા છે. એ મોટી અને સફળ ફળશ્રુતિ છે.

બીજું વિશિષ્ટ અંગ ક્ષતિને લીધે લાચારી, હતાશા અને બિચારા પણાની લાગણીમાંથી પસાર થતા આ સ્વમાની અને અલગ સર્જન પ્રતિભા ધરાવતા દિવ્યાંગજનો તેમના પરિવારો પર બોજ રૂપ ન બને તે માટે તેઓને માસિક પેન્શન આપવાની યોજના પણ મોટો સહારો આપતી પ્રવૃત્તિ છે. આવા ૧૫ જેટલા દિવ્યાંગોને દરે માસે તેમને પેન્શન પહોંચાડાય છે.

વેપારી, વ્યાવસાયિકો માટે બી ટુ બી પ્લેટફોર્મ એક ઉપયોગી માધ્યમ બન્યું છે. જે દ્વારા જ્ઞાતિના આઠ હજાર મેમ્બરો એક બીજા સાથે જોડાઈ પોતાનો બિઝનેસને આગળ વધારી રહ્યાં છે.

નલિયા મુકામે ચતુર્થ જ્ઞાતિ સંમેલન અદ્‌ભૂત અને અદ્વિતીય થયું. જેને લીધે દૂર નજીક રહેતા જ્ઞાતિજનો એકબીજા સાથે પ્રત્યક્ષ જોડાઈ શક્યા. એકબીજાના વિચાર-મંતવ્યો જાણી શક્યા અને સમાજના કાર્યો કરવા ઉત્સાહિત થયા, સંગઠિત થયા. આ સંમેલનમાં વડીલ અગ્રણીઓ, યુવાઓ અને મહિલાઓ પણ જોડાઈ અને સમન્વયનો એક અનોખો માહોલ થયો. દેશ દેશાવરના સો જેટલા મહાજનો અને એકમો વચ્ચે કોર્ડીનેશન વધયું છે, સંવાદિતા સર્જાઈ છે.

જ્ઞાતિ સમાજમાં છેલ્લાં પાંચ વર્ષમાં સર્જાયેલા પોઝિટીવ વાઈબ્રેશન, હકારાત્મક માહોલને જાળવી તેને આગળ વધારવાની જવાબદારી હવે નવા પદાધિકારીઓએ વહન કરવાની છે. જેથી તેના સકારાત્મક પરિણામો જ્ઞાતિજનો લભ્ય થાય.

અગાઉ મહાજનોની સતા ધૂરા પીઢ અનુભવી વડીલોને હાથમાં બહુધા રહેતી હતી. હવે એમાં યુવાનોને જોડવા જોઈએ. તેઓના વિઝનનો લાભ પણ હવે સમાજને મળવો જોઈએ. આજના યુવાનો નવી નવી ટેક્નોલોજીમાં માહિરત ધરાવે છે. મહેનત અને મિત્રતા ભર્યા સ્વભાવને કારણ તેઓ સમાજના સંચાલનમાં ઉત્સાહિત માહોલ સર્જી શકવા સમર્થ છે. માટે યુવાનો આ દિશાદોરમાં જોડાય છે આજની પ્રથમ પ્રાથમિકતા છે.

બીજું માદરે વતન કચ્છ મધે પરમેનન્ટ સેન્ટર હોવું એ જરૂરી છે. કેડીઓ ગ્લોબલ સેન્ટરનો ખ્યાલ આગળ વધારી એમાં વિવિધ પ્રકલ્પો ઊભા કરી મુખ્ય મથક મુર્તિમંત થાય એ લાભપ્રદ થઈ શકે છે. આમાં જ્ઞાતિનો ઈતિહાસ, આપણી પરંપરા, રીત રિવાજોની સાચવણી સાથે સાંસ્કૃતિક કેન્દ્ર, એજ્યુકેશન સેન્ટર, હોસ્પિટલ, ઉપાશ્રય, વિગેરે જેવી સુવિધાઓ એમાં થઈ શકે.

કેડીઓ ગ્લોબલ કાર્ડ એક નવી યોજના લોન્ચ કરી છે. તેને ઠીક પ્રતિસાદ મળ્યો છે. ત્યારબાદ કોરોના કાળને લીધે એમાં બ્રેક લાગી ગયો. પણ હવે આ યોજના પૂર ઝડપે આગળ વધે જે માટે વિશેષ પ્રયત્નો કરવા જરૂરી રહેશે. આપણી જ્ઞાતિની વસતી ધરાવતા નાના મોટા શહેરોના મહાજનો આમાં વિશેષ રૂચિ લઈ આ યોજનાના લાભ સ્થાનિક વેપારીઓ કુંપની શોરૂમ, હોટલોને જણાવે અને આ માટે પ્રયત્નો કરે એ સૌ માટે લાભપ્રદ થશે.

આપણી જ્ઞાતિના વિશિષ્ટ ઓળખ, પરંપરાનું જતન કરી તેને જાળવીએ અને આગળ વધારીએ વડીલોની અદ્‌ભૂત વિરાસતનું ગૌરવ સચવાય એ આપણી ફરજ છે. આપણી પ્રાથમિકતા છે.

કોરોના કાળ એટલે અકલ્પનીય અને અચાનક આવી પડેલી આફત. જેની અસર દરેકને થઈ છે. આ સમયમાં નાના પરિવારોને જે તકલીફ પડી છે. એનું બ્યાન શક્ય નથી. આવા સમય માટે ડીઝાયસ્ટર મેનેજમેન્ટ સેલ હોય એ સમયની પ્રથમ જરૂરિયાત છે. જે મુશ્કેલ ભર્યા સમયમાં કઈ જરૂરિયાત, રાહત પહોંચાડાય એનું સંયોજન કરે. કુદરતી હોય કે માનવ સર્જિત મુશ્કેલી એમાં ત્વરિત ઉપાયો કરી વિવિધ એક્ષ્પર્ટના માર્ગદર્શનમાં મેડિકલ, આર્થિક કે અન્ય રાહતો જ્ઞાતિ પરિવારોને પહોંચાડી શકીએ.

કોરોનાએ આફત આપી એને આપણે ભવિષ્યમાં ઉપાય યોજના માટે અવસર બનાવી લઈએ.

આ મારો ભવિષ્ય માટેનો રોડ મેપ છે. જેના લીધે જ્ઞાતિની ગતિ અને પ્રગતિ જારી રહે. મારા સૌ સહયોગીઓનો અને આપ સૌનો સાથ સહકાર મળી રહેશે એનો વિશ્વાસ ધરાવું છું.

# જોમ અને જુસ્સાથી જ્ઞાતિહિતના કાર્યોને આગળ ધપાવશે સમસ્ત મહાજનનું નવું ટ્રસ્ટ મંડળ





સમગ્ર દેશ દેશાવરના કેડીઓ મહાજનોનું કેન્દ્રીય સંગઠન શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મહાસમિતિના સર્વે માનનીય સભ્યોની આગામી વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીની નવી ટર્મ માટે નિમણુંક થઈ ગયેલ છે. આ સર્વે આદરણીય સભ્યોમાંથી દેશભરના વિવિધ વિસ્તારોમાંથી જૂના અનુભવી પીઢ ૧૧ ટ્રસ્ટી સાથે ૧૬ નવા યુવાન, તરવીયા અને સેવાભાવ માટે ઉત્સાહિત મળી કુલ્લ ૨૭ ટ્રસ્ટીઓની તા.૪ ઓગસ્ટ બુધવારના બપોરે ૪ કલાકે મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયન અશોક ભેદાના પ્રમુખપદે ઝૂમ મિટીંગ થઈ.



જેમાં સર્વ સંમતિથી પ્રથમ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે મુંબઈ વિભાગના પ્રવિણ હંસરાજ લોડાયા, દ્વિતીય મેનેજીંગ ટ્રસ્ટી તરીકે દક્ષિણ ભારત વિભાગના કીર્તિ ધનજી ધરમશી અને તૃતીય મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ઉત્તર ભારત વિભાગમાંથી નવા વરાયેલા ચંદ્રેશ વીરચંદ છેડા છે. સેક્રેટરી જનરલ તરીકે પુનઃબીજી ટર્મ માટે નિશિથ આણંદીલાલ દંડની વરણી થઈ તથા ટ્રેઝરર તરીકે નવી નિમણુંકમાં મુલચંદ પી. મોતા વરાયા.

ટ્રસ્ટ મંડળમાં જૂના અનુભવી અને પીઢ ટ્રસ્ટીઓ તરીકે પુનઃ નિમણુંક પામ્યાં છે. જેમાં ભરત નરશી દંડ, દેવાંગ ઉત્તમચંદ ખોના, હંસ બી.ખીમજી, જયંત વિશનજી છેડા, રાજેશ ખીમચંદ ધરમશી, રાજેન્દ્ર જેઠાભાઈ મોમાયા, રાજેન્દ્ર મણિલાલ ખોના તદ્ઉપરાંત નવા તરવરીયા અને જ્ઞાતિ સેવા માટે ઉત્સાહિત એવા ટ્રસ્ટીઓમાં ચેતન મેઘજી મોતા, ધીરેશ ઝવેરચંદ ધરમશી, હેમાંગ મણિકાંત મોમાયા, હર્ષદ લક્ષ્મીચંદ શાહ, જયેશ ભાગચંદ જૈન, કુણાલ તિલકચંદ ડાઘા, કુમાર બાબુભાઈ દંડ, મનિષા ચેતન પોલડિયા (શાહ), મણિલાલ મુલજી લાલકા, નયન અશોક ભેદા, પ્રબોધ હિરાચંદ મુનવર, રાજુલ ભદ્રેશ પટેલ, સુનિલ માણેકજી લોડાયા, સંજય રતિલાલ અજાણી અને તરૂણ રતનશી લોડાયા.

આ સર્વે ટ્રસ્ટીઓમાં સૌથી યંગ ૨૮ વર્ષના કુણાલ ડાઘા અને સૌથી વડીલ ૮૧ વર્ષના હંસ બી.ખીમજી છે. આ ટ્રસ્ટ મંડળમાં બહુધા એજ્યુકેટેડ અને શિક્ષણને સમર્પિત ટ્રસ્ટીઓ છે. વિવિધ પ્રોફેશનમાં માહિર અને પ્રતિષ્ઠિતા મેળવેલ માનવંતજનો છે. જ્ઞાતિજનો આ સર્વે પ્રત્યે આશાવાદ ધરાવી રહ્યાં છે. તેઓ સૌ જ્ઞાતિને વિકાસ પંથે, પ્રગતિની રાહે દોરશે એવો વિશ્વાસ ધરાવી રહ્યાં છે. સૌ ટ્રસ્ટીશ્રીઓને અઢળક અભિનંદન સાથે શુભેચ્છા.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## નવી ટર્મ વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીનું ટ્રસ્ટ મંડળ

### મેનેજીંગ ટ્રસ્ટી



પ્રવિણ હંસરાજ લોડાયા
૯૮૨૦૦૭૬૬૦૫



કિર્તી ધનજી ધરમશી
૯૮૪૪૦૦૪૪૪૫



ચંદ્રેશ વિરચંદ છેડા
૯૪૨૫૨૧૩૫૪૦

### સેક્રેટરી જનરલ



નીશિથ આણંદીલાલ દંડ
૯૮૭૯૧૧૧૦૯૦

### ટ્રેઝરર



મુલચંદ પી. મોતા
૯૮૪૬૨૧૪૨૦૩

### ટ્રસ્ટી



ભરત નરશી દંડ
૯૬૮૯૮૯૩૨૩૨



ચેતન મેઘજી મોતા
૯૩૨૨૨૮૨૯૯૩



દેવાંગ ઉત્તમચંદ ખોના
૯૭૬૭૯૧૧૭૭૭



ધીરેશ ઝવેરચંદ ધરમશી
૯૮૪૫૩૫૨૩૦૫



હંસ બી. ખીમજી
૦૯૮૨૦૦૩૫૧૧૮



હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫૧૦૧૦૧૦



હર્ષદ લક્ષ્મીચંદ શાહ
૯૪૨૨૧૭૧૨૪૫



જયંત વશનજી છેડા
૯૩૨૨૨૫૭૭૩૧



જયેશ ભાગચંદ જૈન
૯૮૨૦૧૪૧૭૬૧



કુણાલ તિલકચંદ ડાઘા
૭૫૬૭૧૧૮૫૯૯



કુમાર બાબુભાઈ દંડ
૯૯૨૦૯૩૫૪૧૪



મનીષા ચેતન પોલડીયા (શાહ)
૯૮૬૯૫૭૬૫૨૭



મણીલાલ મુલજી લાલકા
૯૮૩૦૫૮૯૪૭૪



નયન અશોક ભેદા
૯૮૨૧૦૯૦૩૨૩



પ્રબોધ હિરાચંદ મુનવર
૯૯૨૫૧૬૯૮૭૬



રાજેશ ખીમચંદ ધરમશી
૯૯૨૫૦૩૮૮૯૬



રાજેન્દ્ર જેઠાભાઈ મોમાયા
૯૮૮૪૧૪૯૪૯૪



રાજેન્દ્ર મણીલાલ ખોના
૯૩૨૨૨૫૭૧૯૧



રાજુલ ભદ્રેશ પટેલ
૯૮૨૦૩૦૨૮૫૩



સુનિલ માણેકજી લોડાયા
૯૭૨૭૫૯૯૯૯૯



સંજય રતિલાલ અજાણી
૯૮૨૧૦૧૫૦૨૦



તરૂણ રતનશી લોડાયા
૯૪૮૫૦૯૪૮૫૦

# રંગપુર સંઘમાં પર્યુષણ પધારવા સકળ સંઘને આમંત્રણ

હાલાર પ્રાંતના રંગપુર નગરના શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને ઉપાશ્રયે ભીડભંજન પાર્શ્વનાથ દાદાની છત્રછાયામાં આ વર્ષે પર્યુષણ પર્વ રંગ ઉમંગ અને અનેરા ભક્તિભાવથી ઉજવવાના ભાવ સંઘ ધરાવે છે. અત્રે તમામ પ્રકારની સગવડ જેમાં અતિથિગૃહ, ભોજનશાળા, ઉપાશ્રય, દેરાસર વિગેરે સૌના સાથ સહકારથી ચાલે છે.

પર્યુષણ પર્વ ઉત્સવના સર્વે કાર્યક્રમ અને ઉજવણી સરકારી નિયમોને સાવચેતી રાખીને ઉજવવામાં આવશે.

પર્યુષણ પર્વની શરૂઆત તા.૪ સપ્ટેમ્બર શનિવારથી થશે. મહાવીર જન્મ વાંચન ૧૪ સ્વપ્ન મહોત્સવ બુધવાર તા.૮ સપ્ટેમ્બર બારસા સૂત્ર વાંચન અને સંવત્સરી પ્રતિક્રમણ તા.૧૧ સપ્ટેમ્બર શનિવારના દિને તથા છઠના પારણા અને સાંવત્સરિક ક્ષમાપના તા.૧૨ સપ્ટેમ્બર રવિવારના. આ અણમોલ અવસરે શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના ભાઈ બહેનો પર્યુષણ કરાવા બોલાવવામાં આવશે. તો પધારવા ઈચ્છુક વહેલી તકે ટિકીટ કઢાવી પધારવા ભાવભર્યુ આમંત્રણ ટ્રસ્ટીઓ અને કમિટી પદાધિકારીઓ દ્વારા અપાયું છે.

પર્યુષણ પર્વ ૧૦ દિવસનો રહેશે અને આ પવિત્ર દિવસોમાં સાધર્મિક ભક્તિના નકરા નીચે મુજબ રાખેલ છે. સવારની નવકારશી રૂ.૫૦૦૦/-, બપોરના જમણ થાળ રૂ.૧૦,૦૦૦/-, સાંજના ચા પાણી અને ચૌવિહાર રૂ.૫૦૦૦/-, આખા દિવસનો લાભ રૂ.૧૫૦૦૦/-. આપના નામના બેનર ભોજનશાળામાં ૧૨ મહિના સુધી અંકિત રહેશે.

---

# નાની ખાવડી નગરે શ્રી ચિંતામણિ દાદાની છત્રછાયામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વનો અનેરો લાભ પામવાનું આયોજન

હાલાર પ્રદેશના નાની ખાવડી નગર મુકામે શ્રી ચિંતામણિ દાદાની છત્રછાયામાં પર્વાધિરાજ પર્યુષણ પર્વનો અનેરો લાભ શનિવાર તા.૪ સપ્ટેમ્બરથી તા.૧૧ સપ્ટેમ્બર શનિવાર દરમ્યાન ધર્મ આરાધનાઓમાં મસ્ત બની હર્ષોલ્લાસથી ઉજવવામાં આવશે.

સંઘનું રસોડું શુક્રવાર તા.૩ સપ્ટેમ્બર બપોરથી તા.૧૨ સપ્ટેમ્બર રવિવાર બપોર સુધી રહેશે. તો ગામવાસીઓ તથા નિયાણી બહેનો સાથે મળી પર્યુષણ મહાપર્વની આરાધના માદરે વતન નાની ખાવડી ગામે કરવાનું આયોજન ઘડે અને પધારે. સર્વેને નમ્ર વિનંતી કે આપનું નામ આપના પરિવારના કેટલા સભ્યોના નામ સંઘના કાર્યકરોને લખાવીને જાણ કરશો. ઓછામાં ઓછા ૨૫ નામ આવશે તો જ પર્યુષણ પર્વ ઉજવવામાં આવશે. એમ શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નાની ખાવડી દ્વારા જણાવાયેલ છે.

---

# ભાંડુપ સંઘ દ્વારા મહારાષ્ટ્રના પૂર પ્રભાવિત છ જિલ્લામાં રાહત સહાય માટે ધન રાશિ અપાઈ

ભાંડુપ નગરમાં ચાતુર્માસાર્થે બિરાજમાન ગુરૂદેવ પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.જીની શુભ પ્રેરણાથી મહારાષ્ટ્ર રાજ્યના ૬ જિલ્લા પૂરથી અતિ પ્રભાવિત થયા છે. જેને કારણે ઘણી નુકસાની તેમજ જાન માલની હાનિ થઈ છે. અતિવૃષ્ટિથી ગ્રસ્ત થયેલ સેંકડો ગામોમાં રાહત એવં મદદ કરવા માટે વિવિધ ગુરૂ ભક્તો તરફથી વિશાળ ધન રાશિ જમા કરીને સેવા ભાવી કાર્ય કરનાર સંસ્થાઓને જીવન જરૂરિયાત વસ્તુઓની સહાયતા માટે આ ભંડોળ અપાયું.

દેશ પર આવતી હર પ્રાકૃતિક આપતિમાં અત્યંત કરૂણામયી અને સંવેદન દિલ મુનિવર્ય પ.પૂ.શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો સાથ, સહયોગ અને સહકાર સદૈવ મળે છે. અનુકંપા દાન આપી આ પવિત્ર કાર્યમાં યોગદાન આપનાર લાભાર્થી, દાનેશ્વરી પરિવારોનો સંઘ દ્વારા આભાર વ્યક્ત કરાયો હતો.

# ચીંચબંદર સંઘમાં ટીનેજર વિદ્યાર્થી સંસ્કાર શિબિર યોજાઈ

તા.૩૧ જુલાઈ શનિવારના રોજે ચીંચબંદર સંઘમાં પ.પૂ.મહોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન સભર નિશ્રામાં ટીનેજર વિદ્યાર્થી સંસ્કાર શિબિર યોજાઈ. જેમાં રસપ્રદ પ્રશ્નોત્તરી તથા બુદ્ધિશાળી રોચક વાતો તેમજ અંગ્રેજી ભાષામાં આદિનાથ ભગવાનની સ્તુતિ સહિત આ શિબિરમાં પૂજ્ય મહારાજ સાહેબએ વિદ્યાર્થી બાળકોને સરળતાથી જ્ઞાન પ્રદાન આપ્યું હતું.

દરેક બાળકો યુવાનોને આ શિબિર જોવા જાણવા અને સમજવા જેવી છે. યુટ્યુબ લિંક https://youtu.be/GWq-EEW10ik પર ક્લિક કરી તેનો વિડીયો ૧.૨૧ કલાકનો છે જે સૌ માટે ઉપયોગી થશે.

# શિવમસ્તુ તીર્થે પ.પૂ.મહાભદ્રસાગરજી મ.સા.ની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે ગુરૂભક્તિનો કાર્યક્રમ યોજાયો





તા.૧ ઓગસ્ટ રવિવારના બપોરે ૩ થી ૫ કલાકે બંદરીય શહેર માંડવીના શિવમસ્તુ મહાતીર્થમાં સત્યનિષ્ઠા, નિડરવાણી, ભક્તિયોગનો પ્રેમ અને ક્રિયાશધ્ધિના વીરલ ગુણોથી અદ્‌ભૂત સમાધિભાવ સાથે પંડિતમરણને વરેલા શિવમસ્તુ તીર્થના સ્થાપક પ.પૂ.મહાભદ્રસાગરજી મ.સા. (પૂ.બાપા મહારાજ)ની ૧૨મી પુણ્યતિથિ નિમિત્તે મહાગુરૂ ભક્તિનો વિશિષ્ટ કાર્યક્રમ યોજાયો. જેમાં મહાવિદેહની મુલાકાત અને સિમંધર સ્વામીની ભક્તિનો કાર્યક્રમ રખાયો હતો. શ્રી સંઘના અને ગુરૂભક્તો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.

આ પ્રસંગે સત્યનિષ્ઠાના આગ્રહી અને જેમના પ્રવચનોમાં અને કલમમાં તેજાબી પ્રહારો હોય છે છતાં જેમનું હૃદય માખણ જેવું મુલાયમ હોવાથી સેંકડો યુવા-પ્રૌઢો શ્રોતાઓ જેમને મંત્ર મુગ્ધતાથી સાંભળે છે એવા પ.પૂ.શ્રી પૂર્ણભદ્ર મ.સા.ની નિશ્રામાં યોજાયો હતો. આ અવસરે મેરાઉથી પ.પૂ.સાધ્વીશ્રી જ્યોતિકલાશ્રીજી મ.સા. આદિ તથા પૂ.બા મહારાજ વિ. ઠાણા ઉપરાંત માંડવી, અંજાર, મેરાઉ, લાયજા, ડુમરા, ગોધરા, રાયણ, ફરાદી, તલવાણા, કાંડાગરા, નખત્રાણા વિગેરેના ભાવિકો અનેરા ઉમંગ સાથે લાભ લીધો હતો.

પ.પૂ.શ્રી મહાભદ્ર ગુરૂવરના અંત સમયની સમાધિ ભાવની રસમય કથની સાંભળી સહુ તાજુબ થઈ ગયા હતા તો મહાવિદેહ ક્ષેત્રની મુલાકાત, સીમંધર સ્વામી અને મહાગુરૂ અષ્ટ શ્લોકો સાથેની દેવ ગુરૂની ભક્તિના કાર્યક્રમથી સહુ રસમરબોલ થયા હતા.





# ઊર્વી મોમાયા દ્વારા લિખિત

# અંગ્રેજી નવલકથાનો વિમોચન સમારોહ સંપન્ન






શનિવાર, તા. ૩૧ જુલાઈની સાંજે મુલુંડ(વેસ્ટ) સ્થિત જીવરાજ ભાણજી સભાગૃહમાં યુવાન કચ્છી લેખિકા ઊર્વીમોમાયા દ્વારા લિખિત તેમની પ્રથમ અંગ્રેજી નવલકથા 'બિહાઈન્ડ ધ બ્લાઇન્ડસ'ના વિમોચન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંગ્રેજી નવલકથાની લેખિકા કુમારી ઊર્વી મોમાયા કચ્છી દશા ઓસવાલ સમાજના મૂળ કચ્છ-વરાડિયા ગામના વિનય તેમ જ સ્વાતિ મોમાયાની સુપુત્રી છે. ઉલ્લેખનીય છે કે ૨૫ વર્ષની નાની વયમાં ઊર્વીએ પોતાની પ્રથમ અંગ્રેજી નવલકથા 'બિહાઈન્ડ ધ બ્લાઇન્ડસ' જે એક રહસ્યમય થ્રિલર છે એને લખીને 'બ્લ્યુ રોઝ' પ્રકાશક દ્વારા પ્રકાશિત કરી છે.




ઊર્વી મોમાયાએ અંગ્રેજી લિટરેચરમાં એમ.એ. કર્યું છે એટલું જ નહીં, તે એક ગ્રાફોલોજિસ્ટ અને ન્યુમરોલોજિસ્ટ પણ છે. હાલમાં તે કન્ટેન્ટ રાઈટિંગ માટેની ફીલાન્સર છે.

ઊર્વીનું કહેવું છે કે મનમાં ઈચ્છા અને એને પૂરી કરવા માટેની ધગશ હોય તો કાંઈ પણ કરવું અશક્ય નથી. આ નવલકથા માટે તેણે ખૂબ જ મહેનત કરી છે અને એનું વિમોચન સમગ્ર પરિવાર માટે એક ગર્વની ક્ષણ હતી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન મેકવેલ ઇવેન્ટસના હોસ્ટ ધારિણી શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. પુસ્તકના વિવેચન માટે સૌ પ્રથમ ઘરના વડીલ એવા ઊર્વીના દાદીમાં ગં.સ્વ. મણીબેન મોમાયાને મંચ ઉપર બોલાવવામાં આવ્યા હતા. તે સાથે મુલુંડ સ્થિત 'સચમાસ એકેડેમી'ના ફાઉન્ડર અને સીઈઓ દિપ્તી મનીષ કેનિયા, હેમંત સર્જીકલ્સના હંસકુમાર શાહ તથા લીના શાહ, ડિલક્સ એન્ટરપ્રાઈસેસના ભાવેશ શાહ (અમદાવાદ), પ્રશાંત શાહ, ઊર્વીના માસી લીનાબેન મોમાયા અને ઊર્વીના મમ્મી પપ્પા એટલે કે વિનય અને સ્વાતિ મોમાયા દ્વારા વિમોચન વિધિ ખૂબજ સુંદર રીતે કરવામાં આવી હતી. દિપ્તી કેનિયાએ થોડા સચોટ પ્રશ્નો દ્વારા ઊર્વી મોમાયાનો ઇન્ટરવ્યુ લીધો હતો જેમાં દરેક પ્રશ્નના જવાબ ઊર્વીએ આત્મવિશ્વાસથી આપ્યા હતા. આ પ્રસંગે પુસ્તકના એક ફકરાનું વાંચન પણ શ્રોતાઓ સમક્ષ કરવામાં આવ્યું હતું.

આ નવલકથા વાંચનારને અંત સુધી જકડી રાખે એવી છે એમ જણાવતાં લેખિકાએ એમ પણ કહ્યું હતું કે મુંબઈની મુખ્ય 'એશિયાટીક' લાઈબ્રેરી, જાણીતા બૂક સ્ટોર્સ, તેમજ એમેઝોન અને ફ્લિપકાર્ટ પર પણ હવે એ ઉપલબ્ધ છે, એટલું જ નહીં પણ આ પુસ્તક દિલ્હી, કલકત્તા અને ચેન્નાઈમાં પણ વેચાશે.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં સહભાગી થનારી દરેક વ્યક્તિનો ઊર્વી મોમાયાએ મંચ પર બોલાવીને આભાર વ્યક્ત કર્યો હતો.ઊર્વી મોમાયાની આ સફળતા વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીઓ માટે એક આદર્શ ઉદાહરણ સ્વરૂપ કહી શકાય.

# જૈન ધર્મ સંસ્કરણ તથા આર્ય સન્નારી સંસ્કરણ અભિયાન

શ્રી આર્ય રક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠ દ્વારા જૈન ધર્મ સંસ્કરણ અભિયાન, આર્ય સન્નારી સંસ્કરણ અભિયાનના હિંદી ભાષાના વર્ગો શરૂ થયા છે. જેમાં જૈન, મરાઠી, પંજાબી, હિન્દી, સાઉથ ઈન્ડિયન વિગેરે ભાષી, યુવા, વડીલ, સ્ત્રી-પુરૂષ જોડાઈ શકે છે. જેમને ગુજરાતી ભાષા સમજવામાં તકલીફ પડે છે તેઓને માટે જૈન શાસ્ત્ર જ્ઞાન, સૂત્ર, વિધિ જ્ઞાન વિગેરેનું બેઝિક જ્ઞાનથી શિક્ષણ અપાશે. જે દ્વારા જૈન શ્રાવક-શ્રાવિકા જીવન વિષે જાણી શકશો. આ ક્લાસ માત્ર શુક્રવારે રાતે ૯ થી ૧૦ સંચાલિત થશે. જેનું સંચાલન રાજુલબેન કપિલભાઈ શાહ કરશે.

ક્લાસ જોઈન કરવા માટે ઝૂમ લીંક https://us02web.zoom.us/j/88150930804 ક્લિક કરવી પાસવર્ડ ૧૨૩૪૫૬. વોટસએપ ગ્રુપ-૨ જોઈન્ટ કરવા કોન્ટેક્ટ લિંક https://chat.whatsapp.com/IsCNtgZt67E0GevkQHeK7B વધુ માહિતી માટે સંપર્ક રામજીભાઈ-૮૮૫૦૨૯૧૯૬૨, કેતનભાઈ-૯૮૨૧૫૪૮૧૯૫

# પારોલા સંઘમાં શ્રી અઠમતપ અભિયાનનું ત્રિદિવસીય આયોજન

શ્રી નેમિનાથ પ્રભુ જન્મ દીક્ષા કલ્યાણક માસધર પ.પૂ.ધનસાગરસૂરિ મ.સા. એવમ જિનશાસન શિરોમણિ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ની પ્રથમ સ્વર્ગારોહણ તિથિ પ્રસંગે શ્રાવણ સુદ ૪,૫,૬ તિથીને તા.૧૧,૧૨,૧૩ ઓગસ્ટના બુધ,ગુરૂ અને શુક્રવારના ચાતુર્માસાર્થે બિરાજમાન પરમ વિદુષી પ.પૂ. સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિઠાણા ૪ની પ્રેરણાથી શ્રી અઠમ તપ અભિયાનનું આયોજન રાખવામાં આવ્યું છે.

કલિકાળમાં કલ્પતરૂ સમાન ગુરૂદેવના ઉપકારોને યાદ કરી એમના સંયમ જીવન એવમ તપ, જપ, વિશુધ આરાધનાની અનુમોદના કરવા અઠમ તપમાં જોડાવવા શ્રી પારોલા સંઘ હાર્દિક આમંત્રણ આપે છે. પધારનાર તપસ્વીઓની રહેવાની, પારણા તથા ત્રિદિવસીય ભક્તિ મહોત્સવને માણવાની સંપૂર્ણ વ્યવસ્થા શ્રી સંઘ તરફથી કરવામાં આવશે. આપનું નામ દિલીપભાઈ-૯૪૨૧૬૩૫૪૯ને લખાવી લાભ આપશો એવી વિનંતી શ્રી પારોલા ક.દ.ઓ.જૈન સંઘ વતી કારોબારી કમિટી અને ટ્રસ્ટ ગણ તરફથી કરાઈ છે.

# શ્રી ક.દ.ઓ. દિવ્યાંગ શક્તિના નવા આશ્રય દાતાની અઢળક અનુમોદના

શ્રી સમસ્ત મહાજનની દિવ્યાંગ સમિતિની દિવ્યાંગ જ્ઞાતિજનોની અદ્ભૂત અને મદદરૂપ થતી યોજના દિવ્યાંગ શક્તિના નવા આશ્રય દાતા શ્રી માલતી હરીશ ધરમશી જખૌ-નવી મુંબઈ એ રૂા.૧૧ હજાર નોંધાવીને ઉદારતા અને જ્ઞાતિ સમાજજનો માટે ઉપયોગી થવાની ભાવના કેળવી મદદરૂપ થયા છે. આમ અન્ય પ્રત્યે અનુકંપા દાખવી માનવતા ધર્મ ઉજાગર કરવા બદલ દિવ્યાંગ શક્તિના આશ્રય દાતા હાર્દિક અભિનંદન સાથે અઢળક અનુમોદના કરી બિરદાવીએ છીએ.



# શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડોંબિવલી

સંઘપ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

સંચાલિત

## શ્રી ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર – ડોંબીવલી

(પ્રેરક : પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.)






## ડોંબિવલીના 600 સાધર્મિક પરિવારોને જીવન જરૂરીયાતની કીટ અર્પણ કરી થયેલ

## સાધર્મિક ભક્તિ

## ભક્તિ કરનાર પરિવારોની અંતરથી અનુમોદના...

ધર્મનગરી ડોંબીવલીના આપણા ૬૦૦ પરિવારોને મે-જુન-જુલાઈ-ઓગસ્ટ ચાર મહિના દરમ્યાન જીવન જરૂરીયાતની

રૂા. ૧૦૦૦/- ની સામગ્રીની કીટ અર્પણ કરી ભક્તિ કરવામાં આવે છે.

વર્તમાન પરિસ્થિતિથી શારીરિક, માનસિક અને આર્થિક પીંડાતા પરિવારોને કંઈક અંશે સહાયક થવાની કોશિશ કરેલ.

અમારા આ યજ્ઞમાં સહાયક થનાર પરિવારોની અનુમોદના કરીએ છીએ...

### ....સાધર્મિકોની સાથે રહી... સાધર્મિકોના હૃદય સુધી પહોંચનાર પુણ્યવંતા પુણ્યશાળીઓ...

**૯૦ કીટ**
શ્રી હિરેન લક્ષ્મીચંદ શાહ (મોટી રાયણ)

**૭૨ કીટ**
શ્રી રાકેશભાઈ જૈન

**૬૨ કીટ**
ગીતાસ્મૃતિ, માતુશ્રી હીરાકુંવર નાનજી ચાંપશી શાહ (મેરાઉ)

**૫૦ કીટ**
સંઘમાતા ખેતબાઈ કેશવજી વેલજી ગડા (નાના રતડીયા)
સંઘમાતા ધનબાઈ રવજી સાવલા (બાડા)

**૪૫ કીટ**
માતુશ્રી દેવકાંબેન દેવજી વોરા પરિવાર (બિદડા)

**૩૩ કીટ**
માતુશ્રી પાનબાઈ વેરશી રતનશી પરિવાર
હ. આશા લક્ષ્મીચંદ રાંભીયા (ચીઆસર)

**૩૧ કીટ**
માતુશ્રી ચંપાબેન ચીમનલાલ છેડા (મોટા આસંબિયા)

**૨૭ કીટ**
એક સદ્‌ગૃહસ્થ પરિવાર

**૨૫ કીટના દાતા**

- માતુશ્રી નયનાબેન રતીલાલ લોડાયા (બાંઢિયા)
- જતીન તારાચંદ ગાલા (નરેડી)
- બીપીન ગણશી ધરોડ (પત્રી)
- પ્રમોદ આર. શાહ
- સુનિલ ખેતશી ખોના (સુજાપર)
- માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર (સેવક ભરૂડીયા)
- માતુશ્રી બાંચાબાઈ ગોવિંદજી લોડાયા પરિવાર (મોટી ખાવડી)
- માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી)
- માતુશ્રી દેવકાંબેન મુલજી દેસાઈ (લાપસીયા) (સાંયરા)
- શ્રી અરૂણભાઈ ગુપ્તા
- શ્રી દેવજિન ટ્રસ્ટ
- શ્રીમતી પ્રીતિબેન પોપટલાલ મોરારજી ગાલા (ભોજાય)
- CA હીતેન ગડા હ. લીલાધર દનાભાઈ ગડા (બાડા)
- શ્રીમતી રશ્મીબેન જયંત મામણીયા (કપાયા)
- માતુશ્રી મોંઘીબાઈ ટોકરશી શવરાજ ફુરિયા (બિદડા)
- રોહીતભાઈ દોશી

**૬૦૦ પરિવારો વતી આપ સહુનો આભાર... અભિવંદના... અનુમોદના...**

છેલ્લા 17 વર્ષથી દર મહિને 300 પરિવારોની દાતાઓ સહયોગે સુંદર ભક્તિ થઈ રહી છે.

**નમ્ર વિનંતિ**

**આપના પરિવારમાં આવતા પ્રસંગોએ સાધર્મિકોને ખાસ યાદ કરો.**
દર મહિને ૩૦૦ પરિવારો અને વર્તમાન પરિસ્થિતીમાં ૬૦૦ પરિવારો એટલે
હાલ કુલ ૯૦૦ પરિવારોની ભક્તિ થઈ રહી છે.

**વિશેષ માહિતી માટે સંપર્ક : 98205 65261 / 77108 07796 / 93217 63931**

લિ. : માનદ્ મંત્રીઓ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી

સંઘપ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

સંચાલિત



# શ્રી ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર - ડોંબીવલી

(પ્રેરક : પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા.)




**ડોંબિવલીના ૬૦૦ પરિવારોની સતત પાંચ-પાંચ મહિના થયેલ સાધર્મિક ભક્તિનો લાભ લેનાર પુણ્યશાળી પરિવારોની અનુમોદના !**

શાસ્ત્ર કહે છે ફક્ત રૂપિયા ભેગા કરે છે એને સંપતિ કહેવાય,પણ જે રૂપિયા સાચા માર્ગે વાપરે છે એને સાચી લક્ષ્મી કહેવાય.
જૈન શાસ્ત્રોમાં સાત ક્ષેત્રોમાં દાનનું અનેરૂ મહત્વ છે. સાત ક્ષેત્રમાં શ્રાવક/શ્રાવિકા પણ એક ક્ષેત્ર છે.
શ્રાવક-શ્રાવિકાની ભક્તિ કરવી એ આપણી નૈતિક ફરજ છે. આ લૉક ડાઉનના સમયમાં આપણા સાધર્મિકો સુધી પહોંચવાની પહેલમાં અમારા માનવતા લાભાર્થીઓએ શક્તિ છુપાવ્યા વગર દિલ ખોલીને સાધર્મિક ભાઈઓની ભક્તિ કરી છે.
એટલે જ પ્રથમ ત્રણ મહિના માટે નક્કી થયેલ આ આયોજન પાંચ મહિના સુધી લંબાવું પડ્યું

**દર મહિને ૬૦૦ પરિવારોને જીવન જરૂરીયાતની અનાજની
રૂા. ૧૦૦૦/- ની કીટ થી સુંદર ભક્તિ થઈ રહી છે. સહુ દાતા પરિવારોની હૃદયથી અનુમોદના...**

## સાધર્મિકોની સાથે રહી-સાધર્મિકોના હૃદય સુધી પહોંચનાર પુણ્યવંતા પુણ્યશાળીઓ

**૧૧૦ કીટ**

## શ્રીમતી તારામતી યશવંત ઠોકરે

**૧૦૦ કીટ**

## શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ - ડોંબિવલી

**૮૧ કીટ**

શ્રીમતી પ્રફુલ્લાબેન ગાંગજી કારાણી (ડુમરા)

**૫૦ કીટ**

- માતુશ્રી ભાણબાઈ માવજી કેનીયા તથા પ્રભાવતી હેમચંદ કેનીયા (બારોઈ)

**૪૮ કીટ**

એક સદ્‌ગૃહસ્થ પરિવાર

**૪૧ કીટ**

એક સદ્‌ગૃહસ્થ પરિવાર

**૨૫ કીટ**

- માતુશ્રી રતનબેન રતનશી પાસડ (દેઢીઆ)
- શ્રી નવીન ભવાનજી નાગડા (નરેડી)

**૨૦ કીટ**

શ્રીમતી રમીલાબેન વિજય નીસર (દેવપુર)

**૧૫ કીટ** • માતુશ્રી લક્ષ્મીબેન હરખચંદ કેનીયા (બારોઈ) • જીવા જિગર નાગડા (મોથાળા) **૧૧ કીટ** રેવંતીબેન ભરત સાવલા (રામાણિયા)

**૫ કીટ**

- માતુશ્રી નવલબેન વેલજી સોમાણ (ડગાનુંગી)
- પૂર્વ રામચંદ જીવાણી (જખૌ)
- માતુશ્રી નેણબાઈ હીરજી છાડવા (મુન્દ્રી)
- જ્યોતિ કેતન સંગોઈ (પત્રી)
- રતીલાલ મીમચંદ વોરા (ફીનટોડ)
- મનોજ શામજી પાસડ (દેઢીઆ)
- સુશીલા દિનેશ નંદુ (ચાંઈ)
- દીપા મનીષ છેડા (જખૌપૂર)
- હસમુખભાઈ સાવલા પરિવાર (નાગ્રેચા)
- શ્રી મુનિસુવ્રતસ્વામી
- માતુશ્રી હીરાવંતી કુંવરજી ગાલા (ફીનટોડ)
- દર્શન કલ્પેશ દેઢિયા (ગઢશીશા)
- કવિતા રાજેશ શાહ (નાગલપુર)
- વિપુલ રામચંદ જીવાણી (જખૌ)
- સુશીલા મનોહરલાલ ફુરીયા (રાયણ)
  ચિ. મંથન મનીષના લગ્નપ્રસંગે
- પિર્વ હરખચંદ દેઢીયા
- અ.સૌ. નવલબેન કાંતીલાલ રત્નશી ગડા (ભાભરાઈ)
- નરેન્દ્ર ખાંડશી શાહ (નાગલપુર)
- કમલ હીરજી સાવલા (નાના રતાડીયા)
- શ્રીમતી પ્રફુલ્લાબેન નેમચંદ પ્રેમજી છેડા (રાયણ)
- માતુશ્રી પ્રભાવતીબેન પ્રેમજી દેઢીયા (ભોજાય)
- નેહા નરેન્દ્ર ગાલા
- એક સાધર્મિક પરિવાર
- નીતીન રામચંદ સાવલા (મુન્દ્રી)
- અશોક શાહ
- ધ્યાની-માનવી-અંજન-દિવ્યાન
- શ્રીમતી નારાણબેન મુનીલાલ દેઢીયા (ભોજાય)
- માતુશ્રી મંગલાબેન શામજી છેડા (દેઢીયા)
- કલ્પનાબેન વસંત કુંવરશી છેડા (રતાડીયા ગણેશ)
- ખંડીબેન પ્રેમજી ગોસર (બારોઈ)
- માતુશ્રી સોનબાઈ રાયચંદ છાડવા (ડગાનુંગી)
- એક સદ્‌ગૃહસ્થ (તેરા)
- મોનભાઈ દામજી ખેતશી નાગડા (રંગપુર)
- જય હરખચંદ નાગડા (ગોધરા)
- ગુણવંતીબેન સુર્યકાંત ફુરીયા (ગોધરા)
- માતુશ્રી કંચનબેન/દીપાલીબેન મુલાયચંદ નાગડા (રંગપુર)
- જીવા-માહી જતીન ગુલાબચંદ નાગડા (રંગપુર)
- મુનીલાલ વીરજી પાસડ (કોટડા)
- અર્હમ મીનલ ચંદ્રેશ દેઢીયા
- નીના સુનીલ દેઢીયા (ભુજપુર)
- આર્ય જુહાલી અતુલ પોલડીયા (નાગલપુર) ૧૧ મા જન્મદિવસે
- સ્વ. રંજનબેન કેશવજી પાસડ
- પૂજ્ય નિતેશ ખીમસરીયા (મો. ફીનટોડ)
- નિર્મલા અરવિંદ ગંગર
- કલ્પના, અર્હમ મયુર શાહ (નાના ભાડીયા)
- પ્રભુ વીરનો પથ
- કાંતાબેન મુલચંદ મોમાયા (નલીયા)
- માતુશ્રી જયાબેન દેવશી મિશેરી (નાના ભિંડોડી)
- ચિરાગ, અભય, જશ શાહ (નાગલપુર-વાંકી)
- માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી છાડવા (નલીયા)
- ભિરલ પોપટલાલ શાહ (ભાવર)
- શ્રીમતી દમયંતીબેન ઝવેરચંદ મેઘજી ગોસરની મધુર વર્ણીતપ નિમિત્તે (મંજલ રેલડીયા)
- નિયતી, સૌમ્યા વિપુલ છેડા (ભુજપુર-ગામડા)
- શ્રી શંખેશ્વર ગ્રુપ
- શ્રી ગોપાલ/મુકુંદ/રાધા માધવ ટ્રસ્ટ
- વનીતા ભાણજી ગાલા
- રૂખી વીરચંદ છાડવા (મુન્દ્રી)
- રતીલાલ વેલજી શાહ (રામાણીયા)
- નાલીનીબેન ચંદ્રકાંત નાગડા (નલીયા - મુન્દ્રી)
- અ.સૌ. સ્વ. ઝવેરબેન દેવકરણી ગાલા (રાયણ)
- ફિરજ જયંતીલાલ શાહ (રાયણ)
- માતુશ્રી વેલબાઈ દામજી કાનજી દેઢિયા હ. કિશોર દેઢિયા
- શ્રીમતી કુંવરબાઈ કુંવરશી ખેતશી દેઢિયા ૩૯ મી જન્મતિથિએ
- ઝલક અતુલ ભરત ગડા (મોટા આસંબિયા)
- વૈશાલી જીતેન્દ્ર છેડા (રાયણ)
- રાજીવ જીતેન્દ્ર છેડા (રાયણ)
- પરીન જીતેન્દ્ર છેડા (રાયણ)
- જીતેન્દ્ર લાલજી છેડા (રાયણ)
- મીનાબેન રજનીકાંત શાહ
- મોનમ હિરેન છેડા (પત્રી)
- અંકીત હિરેન છેડા (પત્રી)
- સાકરબેન છેડા (પત્રી)
- રીધી હિરેન છેડા (પત્રી)
- હિરેન એમ. છેડા (પત્રી)
- નીના શાંતીલાલ ગોસર (ગોધરા)
- માતુશ્રી ધનલક્ષ્મી હંસરાજ ધરમશી
- જય નીતીન વાલજી ગાલા (ફીનટોડ)
- શ્રીમતી સાકરબેન લાલજી છેડા (ના.આસંબીયા)
- મીતુલ રતીલાલ સોની (પત્રી)
- લક્ષ્મીબેન મોહનલાલ શાહ (કાંડાગરા)
- શરદ મણીલાલ શાહ (ભાવર)
- વિજયા નરેન્દ્ર શાહ (ભાવર)
- ગોવિંદજી કેશવજી શાહ (નલીયા)
- દમયંતીબેન વસંત વોરા (દેવપુર)
- ઉષાબેન હીરાચંદ મોતા (કુંદરોડી)
- જ્યોતિ જીતેન્દ્ર રાંભીયા
- મીના મનોજ ગંગર (દેવપુર)
- ડીંપલ વિશનજી વીરા (મેરાઉ)
- એક સદ્‌ગૃહસ્થ
- માતુશ્રી અનીલાબેન વાડીલાલ ગડા (ગાયજી)
- વાસંતા હેમંતકુમાર શાહ
- પ્રીતમ અશોક મારૂ (ભુજપુર)
- રમીલા પ્રકાશ મોતા (દેવપુર)
- શામજી લખમશી મોતા (દેવપુર)
- ભાગ્યવતી હસમુખ સાવલા (મો.આસંબીયા)
- પ્રેમીલા મણીલાલ સોની (નાગલપુર)
- અ.સૌ. નવલબેન કાંતીલાલ રત્નશી ગડા (ભાભરાઈ)
- માતુશ્રી કેસરબેન ગાંગજી વીરા હ. જીતેન્દ્ર વોરા (નાગલપુર)
- તુષાર દેવચંદ સોની (કોડાય)
- કલ્યાણજી નાનજી કારાણી (ગોધરા)
- હર્ષીલ જતીન દેસાઈ
- માતુશ્રી સોનબાઈ રાયચંદ છાડવા (ડગાનુંગી)
- શ્રીમતી કવિતા શાહ (કુંભુજ)

**૩ કીટ** મંછાબેન વેલજી રાંભીયા (રાયણ) **૨ કીટ** માતુશ્રી ધનબાઈ દામજી દેવજી દુબિયા (કોટડા) **૧ કીટ** માતુશ્રી નાનબાઈ માવજી કુંવરજી ગોસર (ડુમરા)

**નમ્ર વિનંતિ**

**આપના પરિવારમાં આવતા પ્રસંગોએ સાધર્મિકોને ખાસ યાદ કરો.**
દર મહિને ૩૦૦ પરિવારો અને વર્તમાન પરિસ્થિતિમાં ૬૦૦ પરિવારો એટલે હાલ કુલ ૯૦૦ પરિવારોની ભક્તિ થઈ રહી છે.

**૬૦૦ પરિવારો વતી આપ સહુનો આભાર... અભિવંદના... અનુમોદના...**

**વિશેષ માહિતી માટે સંપર્ક : 98205 65261 / 77108 07796 / 93217 63931**

લિ. : માનદ્ મંત્રીઓ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ – ડૌંબિવલી

સંઘપ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

સંચાલિત

# શ્રી ગુણવાત્સલ્ય સાધર્મિક ભક્તિ કેન્દ્ર – ડૌંબીવલી

( પ્રેરક : પ્રવચન પ્રભાવક પ.પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા., પ.પૂ.મુનિશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. )

**600** ચાર-ચાર મહીના, ૬૦૦-૬૦૦ પરિવારોની સાધર્મિક ભક્તિનો લાભ લેનાર પુણ્યશાળી પરિવારોની અનુમોદના !

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનું પાલન, આદર અને આરાધના કરનાર જૈન તે સાધર્મિક છે
અને તે સાધર્મિકોની આહાર-વસ્ત્ર-પાત્ર વસ્તુઓ આદિથી ઉચિત ભક્તિ કરવી તે સાધર્મિક ભક્તિ છે.
આજની આ વિકટ પરિસ્થિતિમાં શ્રી સંઘે ધર્મનગરી ડૌંબિવલીના આપણા સાધર્મિકોની મે-જુન-જુલાઈ અને ઓગસ્ટ મહિના દરમ્યાન
રૂા. ૧,૦૦૦/- ની જીવન જરૂરીયાતની અનાજની કીટથી ભક્તિ કરવાનું જાહેર કર્યું અને
દાનેશ્વરી દાતાઓએ ભક્તિમાં જોડાઈ સાધર્મિકોની ભક્તિ કરી તે સર્વ દાતાઓના સુકૃતની અનુમોદના...

## સાધર્મિકોની સાથે રહી-સાધર્મિકોના હૃદય સુધી પહોંચનાર પુણ્યવંતા પુણ્યશાળીઓ

### ૨૨ કીટ

એક સદ્ગૃહસ્થ પરિવાર

### ૨૦ કીટ

- શ્રીમતી રમીલા વિજય નીસર (દેવપુર)
- આર્વ વીણા વસંત સંગોઈ
- શ્રીમતી સ્મિતા રાયચંદ જીવાણી (જખૌ)
